---

**ખંભાલીયાના મહે.એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં,**
**મુકામ– ખંભાલીયા, જી.દેવભૂમિ ધ્વારકા**

---

**બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી. ડી.વી.સાચાણી**

---

**ગુજરાત ફીશરીઝ એકટની કલમ ૨૧(૧)(ચ)**

---

(૧) ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં–૫ માં જણાવેલ બનાવ સમય અને સ્થળે પોતાના કબજાનુ બોટ લઈ માછીમારી કરવાની મંજુરી ન હોવા છતાં માછીમારી કરવા માટે પોતાની બોટ લઈ માછીમારી કરવા ગયેલ તથા સમયસર પરત ન ફરી, લાયસન્સમાં રહેલ શરતોનો ભંગ કરી, પકડાઈ આવી, તમો આરોપીએ ગુજરાત ફીશરીઝ એકટની કલમ ૨૧(૧)(ચ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો પો.સ્ટે. માં રજી. કરી તપાસ અર્થે તપાસ કરનાર અમલદાર તરફ મોકલી આપતાં તેઓશ્રીએ તપાસ સંભાળી લઈ, કાયદા મુજબની કાર્યવાહી કરી, તપાસ પુર્ણકરી, તપાસના અંતે આરોપી વિરુઘ્ધ પૂરતો પુરાવો હોઈ, કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા, આરોપી હાજર થતા, આરોપી સામે ફરીયાદ ના સંદર્ભમાં ગુના અંગે પ્લી લેવામાં આવતા, આરોપીએ તેમના જવાબમાં ગુનાનો સ્વેચ્છાપુર્વક સ્વીકાર કરેલો છે અને કબુલાત પુરશીશ તેઓની સહી થી રજુ કરેલ છે.

(૩) આ કામે આરોપી ધ્વારા ગુનાનો સ્વીકાર કર્યા બાદ તેઓએ તથા તેમના વિ.વ.શ્રી.એ મૌખીકમાં એવી દલીલ કરેલ છે કે, તેઓ અભણ માણસ છે તેમજ પરીવારની જવાબદારી તેઓની ઉપર છેઅને આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે જેથી

તેઓની ઉપર રહેમ નજર રાખવા અરજ કરેલ છે. તેઓના વી.વ.શ્રી.દવારા આરોપીનો આ પ્રથમ વખત નો ગુનો હોવાનું જણાવી તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

(૪) કોર્ટ ધ્વારા આરોપીને પુછવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આ તેમનો પ્રથમ વખતનો ગુનો હોઈ રહેમ નજર રાખવા અને કાયદામા ઠરાવેલ સજા કરતા પણ ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની બાંહેધરી આપેલ છે.

(૫) આરોપી સામેનો આક્ષેપીત ગુનો તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગનો માણસ હોવાનુ જણાવેલ છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય હોવાનું તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે. તેમજ તેમનો આ પ્ર થમ ગુન્હો હોવાનું જણાઈ આવતુ હોઈ અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માનભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે તમામ સં જોગો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું. :–

**– હુકમ –**

- આરોપી **રસીદ અબ્બાસ ગંઢાર,** રહે.મુ.સલાયા, તા.ખંભાળીયા, જી.દેવભુમિ ધ્વારકાવાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત ફીશરીઝ એકટની કલમ ૨૧(૧)(ચ) મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી **રૂા.૧૫૦૦/– (અંકે રુપીયા એક હજાર પાંચસો પુરા)**નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન–૫ (પાંચ) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
-

હુકમ આજરોજ તા.૧૪, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : ખંભાળીયા.

**( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ખંભાળીયા. જી.દેવભુમી દવારકા,
**જી.જે.૦૧૭૩૨.**